RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૫૨ તા.૨૮ –૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી બી.સી.સોનવણે
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી બી. સી. સોનવણેની તા. ૧૮–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) પાન્ડેસરા ખાતે શિવનગરની બાજુમાં આવેલ રણછોડનગરમાં પ્લોટ નં. ૧ અને પ્લોટ નં. ૨ માં ચાલી રહેલ બાંધકામ કોની માલીકીના છે અને સદર બાંધકામની પરવાનગી લેવામાં આવેલ છે કે નહીં ? (૨) ઉપરોકત બાંધકામના આર્કીટેક કોણ છે ? અને સદર બાંધકામની પરવાનગી લેવામાં આવી છે કે નહીં ? વિ. મુદ્દા નં. (૧)થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૮–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૫૨/૨૦૧૧–૧૨

શ્રી બી. સી. સોનવણેની તા. ૧૮–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) પાન્ડેસરા ખાતે શિવનગરની બાજુમાં આવેલ રણછોડનગરમાં પ્લોટ નં. ૧ અને પ્લોટ નં.૨ માં ચાલી રહેલ બાંધકામ કોની માલીકીના છે અને સદર બાંધકામની પરવાનગી લેવામાં આવેલ છે કે નહીં ? (૨) ઉપરોકત બાંધકામના આર્કીટેક કોણ છે ? અને સદર બાંધકામની પરવાનગી લેવામાં આવી છે કે નહી ? વિ. મુદ્દા નં. (૧)થી (૬)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૯૩૮ તા. ૭–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગી હોય તો આધાર સહ તેમનો પક્ષ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી દ્વારા નિયત સમય અવધિમાં અરજદારને આપેલ માહિતીના પત્ર નં. સા.ઝોન/ટેક/૭૯૨ તા. ૧૮–૨–૧૨ ની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૮–૦૧–૧૨ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરેલ. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૮–૨–૧૨ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) પાન્ડેસરા ખાતે શિવનગરની બાજુમાં આવેલ રણછોડનગરમાં પ્લોટ નં. ૧ અને પ્લોટ નં.૨ માં ચાલી રહેલ બાંધકામ કોની માલીકીના છે અને સદર બાંધકામની પરવાનગી લેવામાં આવેલ છે કે નહીં ? (૨) ઉપરોકત બાંધકામના આર્કીટેક કોણ છે ? અને સદર બાંધકામની પરવાનગી લેવામાં આવી છે કે નહી ?(૩)હાલમાં સદર બાંધકામની કેટલા માળ સુધીની બાંધકામની પરવાનગી લેવામાં આવેલ છે ? (૪) હાલમાં સદર બાંધકામ કેટલા માળ સુધી પુરું થયેલ છે ? (૫) બાંધકામની લીધેલ પરવાનગી મુજબ સ્થળ પર કામકાજ ચાલે છે કે નહી ? (૬) જો સદર બાંધકામ ગેરકાયદેસર છે તો કેટલા સમયમાં અને કયારે તોડવા માંગો છો.

જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક/૭૯૨ તા. ૧૮–૨–૧૨થી નિયત સમય અવધિમાં " અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી મિલકત(રણછોડનગર પ્લોટ નં. ૧,૨ ) માટે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. જેથી મુદ્દા નં. ૧ માં જણાવેલ માલિકીની વિગત, મુદ્દા નં. ૨થી માંગવામાં આવેલ આર્કિટેકની માહિતી, મુદ્દા નં. ૩થી માંગવામાં આવેલ માળની સંખ્યાની માહિતી, મુદ્દા નં. ૪ થી માંગવામાં આવેલ પૂર્ણ થયેલ માળની સંખ્યા તથા મુદ્દા નં. ૫થી માંગવામાં આવેલ માહિતી આપી શકાય તેમ નથી. મુદ્દા નં. ૬થી માંગવામાં આવેલ

માહિતી રેકર્ડમાં ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ. કોઈ માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી તે અંગે આરટીઆઈ એકટ–૨૦૦૫ની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે.

વધુમાં અરજદારને અપીલ તબક્કે જો માહિતી મળે તો તે બાદ નારાજગી હોય તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ માહિતી કે વિગત અત્રે મળેલ જણાતી નથી. તે મળેલ માહિતી અંગે નારાજગી હોય તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૮–૨–૧૨ ધ્યાને લેતાં ૨૮–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૮–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પડાયેલ હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે." તેમ છતાં જે માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે તે તથા મુદ્દા નં. ૬ અંગે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીનો દિન–૭માં આગોતરો સંપર્ક કરી બાંધકામ રજીસ્ટર તથા ગેરકાયદેસર બાંધકામ ફરીયાદ રજીસ્ટરની તપાસણી કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે દિન–૭ માં અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી– ઉધનાઝોન .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી બી. સી. સોનવણે,